ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

ઉમરેઠમાં ભૂગર્ભ જળનો ઉપયોગ આછો કરીને જૂથ પાણી પુરવઠા યોજનાનો લાભ લેવા સરપંચોને સમજાવવામાં આવ્યાં

ઉમરેઠમાં ભૂગર્ભ જળ બગડ્યું, પાઈપ લાઈનનું પાણી વાપરવા ભલામણ કરાઈ

ઉમરેઠના તાલુકાના વિવિધ ગામોમાં પીવાના પાણીના સેમ્પલ નિષ્ફળ જતાં તંત્રે કવાયત હાથ ધરી

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.30

ઉમરેઠમાં ભૂગર્ભ જળ દુષિત થઈ રહ્યું છે, જેની અસર પીવાના પાણીનો જથ્થો પર પડી રહી છે. પાણી પુરવઠા વિભાગે છેલ્લા 2 વર્ષમાં 205 સેમ્પલ લીધા હતાં. તેમાંથી 86 અનફિટ જાહેર થયાં હતાં. જેમાં મોટા ભાગે નાઈટ્રેટ પાણી હોવાનું ખુલ્યું હતું. આમ, પીવાના પાણીના સેમ્પલ ફેઈલ થતાં હવે ઉમરેઠ જૂથ પાણી પુરવઠા યોજનામાંથી પાણી આપવામાં આવી રહ્યુ છે. આ અંગે કલેક્ટર કક્ષાએ સરપંચો સાથે બેઠક યોજી ભૂગર્ભ જળના બદલે જૂથ પાણી પુરવઠા દ્વારા અપાતુ પાણીનો ઉપયોગ કરવા ભલામણ કરી હતી.

આણંદ કલેકટર પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને ઉમરેઠ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના સરપંચો સાથે બેઠક યોજી યોજવામાં આવી હતી. જેમાં સરપંચોને ઉમરેઠ જુથ પાણી પુરવઠા યોજનાનો લાભ લેવા હિમાયત કરવામાં આવી હતી. આ બેઠકમાં ગ્રામ્ય વિસ્તારોમાં શુદ્ધ અને પીવાલાયક પાણી માટે ભૂગર્ભ જળના વિકલ્પ સ્વરૂપે વિવિધ પેરામીટર પૂરા પાડતા સરફેસ સોર્સ આધારિત પાણીનો ઉપયોગ કરવા માટે કલેકટરે ઉપસ્થિત સરપંચોને માર્ગદર્શન આપ્યું હતુ.

ઉમરેઠ તાલુકાના ગામોના ભૂગર્ભ જળની ગુણવત્તા બગડતી જતી હોઇ, ટ્યુબવેલ - હેન્ડપમ્પ આધારિત ભૂગર્ભ જળનો ઉપયોગ ઘટે તેમજ સરફેસ સોર્સ એવા મહીસાગર નદી આધારિત ઉમરેઠ જૂથ પાણી પુરવઠા યોજનાના પાણીનો મહત્તમ ઉપયોગ થાય તેમજ જૂથ યોજનાનો પાણી મેળવે તેમજ જૂથ યોજનાની કાર્યપધ્ધતિ અને જળ શુદ્ધિકરણ પ્લાન્ટના વિવિધ કેમ્પોમેન્ટ અને કાર્યપ્રણાલીથી ઉમરેઠ તાલુકાના તમામ ગામોના સરપંચો માહિતગાર થાય તે ઉદ્દેશથી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી દેવાહુતી, મદદનીશ કલેટર હિરેન બારોટ, પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ સહિત ઉમરેઠ તાલુકાના ગામોના સરપંચશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ અંગે પાણી પુરવઠા વિભાગ દ્વારા પીવાના પાણીના મુખ્ય સોર્સ જેવા કે, ભૂગર્ભ જળ, સરફેસ વોટર, વરસાદી પાણી, દરિયાઈ પાણી વગેરેની વિસ્તૃત વિગતો રજુ કરી ભૂગર્ભ જળને થતાં નુકશાન, ભૂગર્ભ જળ પ્રદૂષિત થવાના કારણો, પીવાલાયક પાણી તેમજ ઉમરેઠ તાલુકામાં ભૂગર્ભ જળની પરિસ્થિત વગેરે બાબતો સાથે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

ઉમરેઠ જૂથ પાણી પુરવઠા યોજના શું છે ?

ઉમરેઠ જૂથ પાણી પુરવઠા યોજનામાં 39 જેટલા ગ્રામ્ય વિસ્તારો એક શહેરી વિસ્તારનો સમાવેશ થાય છે. આ ગ્રામ્ય વિસ્તારોના લોકોને શુધ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે જુથ પાણી પુરવઠા યોજનાનો લાભ લેવા સરપંચોને અપીલ કરવામાં આવી હતી.

ચરોતરમાં 31 ડિસેમ્બરની ઉજવણીને લઈ પોલીસ વિભાગ એલર્ટ

ચરોતરમાં થર્ટીફર્સ્ટ અને નવા વર્ષની ઉજવણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા તેમજ નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પોલીસ વિભાગ દ્વારા સઘન વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ખેડા જિલ્લાના તમામ પોલીસ હદ વિસ્તારમાં અને ખાસ કરીને અન્ય જિલ્લાઓ સાથે જોડાયેલી સરહદો અને પ્રવેશદ્વારો પર પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. આણંદ પોલીસે 'ડ્રિંક એન્ડ ડ્રાઇવ' સામે કડક ઝુંબેશ શરૂ કરી છે. આણંદની સરહદી ચેકપોસ્ટ અને આંતરિક રસ્તાઓ પર સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પોલીસની જુદી જુદી પોલીસ ટીમો દ્વારા વિવિધ માર્ગ પરથી પસાર થતા તમામ નાના-મોટા વાહનોને રોકીને તપાસ કરવામાં આવી રહી છે.

મોગર પાસે વાહન ટક્કરે બાઈક ચાલક કરુણનું મોત

(પ્રતિનિધિ) આણંદ, તા. 30

અમદાવાદ-વડોદરા ને.હા. નં.48 પર મોગર ગામના ઓવરબ્રિજ પાસે પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી ધસી આવતા અજાણ્યા વાહને બાઈક સાથે પાછળથી ટકરાવી જીવલેણ અકસ્માત કર્યો હતો.જેમા બાઈક ચાલકનું સારવાર દરમિયાન મોત થયુ હતુ.જે અંગે વાસદ પોલીસે ફરીયાદ નોંધી હતી.

દશક્રોઈ બડોદરામાં રહેતા અમિતભાઈ ખ્રસ્તીના મોટાભાઈ આશીષકુમાર સંખેડા નોકરી કરતા હોઈ તા.29-12-2025ના રોજ બાઈક લઈને સવારે સાત વાગ્યે નીકળ્યાં હતા..જો કે નવેક વાગ્યે તેમના મોટાભાઈના મિત્ર પ્રતિકકુમાર અમિતભાઈ પાસે આવ્યા હતા.અને તેમણે અમિતભાઈને મોટાભાઈ આશીષકુમારને ફોન કરવાનું જણાવ્યું હતુ..જેથી અમિતભાઈ મોટાભાઈ આશીષકુમારને ફોન લગાવે છે..ત્યારે 108 માંથી ફોન ઉપાડીને આશીષનો ને.હા.નં.48 પર મોગર ગામનો ઓવરબ્રિજ ચડતા અકસ્માત થયો હોવાનું જણાવવામાં આવ્યું હતુ..તે સાથે અકસ્માતે ભોગ બનનાર આશીષકુમારને સારવાર અર્થે આણંદ જનરલ હોસ્પિટલ લઈ જઈ રહ્યાં હોવાનું જણાવ્યું હતુ.. જેથી અમિતભાઈ અને સ્નેહીજનો આણંદ જનરલ હોસ્પિટલ પહોચે છે.ત્યારે સ્થાનિક ડોકટરે અજાણ્યા વાહનની ટકકરે આશીષકુમાર સેમ્યુલભાઈ ખ્રિસ્તી ઉ.વ.41 ને માથામાં તેમજ મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થતા મરણ ગયા હોવાનું જાહેર કર્યુ હતુ. જે અંગે મૃતકના નાના ભાઈ અમિતભાઈએ અકસ્માત કરનાર અજાણ્યા વાહન ચાલક સામે વાસદ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

લીંબાસીમાં ગૌવંશની કતલ કરાયેલા અવશેષો મળી આવતા રોષ જન્મ્યો

ખુલ્લા ખેતરમાં ગાયના ચામડા અને શિંગડા સહિતના અવયવો ફેંકી પશુવધ કરનારા શખ્સો ફરાર

(પ્રતિનિધિ) નડિયાદ, તા.30

ખેડા જિલ્લાના લીંબાસી નજીક ખેતરમાંથી ગૌવંસની કતલ કરાયેલા અવશેષો મળી આવતા પંથકમાં ભારે અરેરાટી સાથે રોષ ફેલાયો છે. બે રિક્ષામાં આવેલા 4 થી 5 અજાણ્યા શખ્સો ગૌવંસની કરપીણ હત્યા કરી પુરાવાનો નાશ કરવાના ઈરાદે અવશેષો ફેંકી ફરાર થઈ ગયા હતા, જે મામલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ખેડા જિલ્લાના લીંબાસી નજીક આવેલા એક ખુલ્લા ખેતરમાં ગૌવંસની કતલ કરાયેલા શંકાસ્પદ અવશેષો મળી આવતા પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખેડા તારાપુર હાઈવે પર સ્થિત લીંબાસી ગામની સીમમાં સવારના સમયે ખેતરમાં કામ અર્થે ગયેલા ખેડૂતને ગૌવંસની પૂંછડી, ચામડા, શિંગડા અને માથા સહિતના અવયવો લોહીલુહાણ હાલતમાં વેરવિખેર પડેલા જોવા મળ્યા હતા. આ કૃત્ય આચરનાર અજાણ્યા ગૌવધ કરનારા ઈસમોઓએ ગૌવંસની કરપીણ કતલ કરીને અવશેષો ત્યાં જ છોડી દીધા હોવાનું બહાર આવ્યું છે. ઘટના સમયે ખેતરમાં હાજર ખેડૂતે બે રિક્ષામાં આવેલા 4 થી 5 જેટલા શખ્સોને આ કૃત્ય આચરતા જોયા હતા. ખેડૂતને જોઈ જતાં આ શખ્સો રિક્ષા લઈને ત્યાંથી ભાગવા લાગ્યા હતા, જેનો ખેડૂતે અડધો કિલોમીટર સુધી પીછો કર્યો હતો. જોકે, ગૌવધ કરનારા ઈસમોઓએ પોતાની પાસે રહેલા ધારદાર હથિયારો બતાવી ખેડૂતને ડરાવી અને જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. આ મામલે ગ્રામજનો અને ગૌભક્તોમાં ભારે રોષ ફેલાતા તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ગઈકાલ રાતથી લીંબાસી ગામમાં પશુપાલકોની 2 ગાયો ગુમ હતી, જેના માલિકોએ સ્થળ પર પહોંચીને અવશેષો પરથી આ પોતાની જ ગાયો હોવાની પુષ્ટિ કરી છે. આ હચમચાવી દેનારી ઘટનાને પગલે લીંબાસી પોલીસ મથકે 4 થી 5 અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. પોલીસે પશુ સંરક્ષણ ધારાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને ફરાર થઈ ગયેલા ગૌવધ કરનારા ઈસમોઓને ઝડપી પાડવા માટે અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ મામલે જાગૃત યુવક રવિરાજ સાધુની ફરીયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

આણંદ મનપાની ઉદાસીનતા ગરનાળાનું કામ અટવાયું

આણંદ શહેરના પૂર્વ વિસ્તારના રહીશોને રઝળપાટની સ્થિતિ સર્જાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.30

આણંદ શહેરના અમીના મંઝિલ પાસે રેલવે ફાટક બંધ કરી ગરનાળું બનાવવાની મહત્વકાંક્ષી કામગીરીમાં મનપાની બેદરકારી સામે આવી છે. ડ્રેનેજ લાઇન હટાવવામાં વિલંબ થતા 18 માસમાં પૂર્ણ થનારું કામ હવે વધુ એક વર્ષ લંબાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

આણંદના અમીના મંઝિલ પાસેની રેલવે ફાટક નં. 260 બંધ કરી ત્યાં ગરનાળું ખોલવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ચ્યુઅલ ઈ-ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. જોકે, ગત સપ્ટેમ્બર મહિનાથી રેલવે વિભાગ દ્વારા આણંદ મનપાને ગરનાળા પાસેથી પસાર થતી ડ્રેનેજ લાઇન હટાવવા માટે રજૂઆત કરવામાં આવી હોવા છતાં, મનપા તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. પરિણામે, છેલ્લા ચાર માસથી કામગીરી અટકી પડી છે. આ વિલંબને કારણે ઈસ્માઈલનગર, અમીના મંઝિલ અને પાધરિયા વિસ્તારના રહીશો અને વિદ્યાર્થીઓને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. રહીશોએ દોઢ થી બે કિલોમીટરનો વધારાનો ફેરો ખાઈને ભાલેજ ઓવરબ્રિજ થઈને અવરજવર કરવી પડે છે. વળાંક પર વાહનો ચઢતા હોવાથી અકસ્માતનો ભય અને ટ્રાફિક જામની સમસ્યા પણ વકરી છે, જેને લઈ સ્થાનિકોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મહેમદાવાદમાં યુવકના ત્રાસથી યુવતીએ દવા પી જીવન ટૂંકાવ્યું

મારી સાથે વાત નહીં કરે તો બદનામ કરીશ, તેવી ધમકી આપતો હતો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.30

ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના પહાડ ગામમાં કરુણ ઘટના પ્રકાશમાં આવી છે. 30 વર્ષીય યુવતીએ ગામના જ એક શખ્સના અસહ્ય માનસિક ત્રાસથી કંટાળી જઈ ઝેરી દવા પીને આત્મહત્યા કરી લીધી છે. આ મામલે મૃતકની માતા હાજીબેન ભવૈયાએ મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદની વિગતો મુજબ, આરોપી રાહુલ ચીમનભાઈ ભવૈયા છેલ્લા ઘણા સમયથી સુમિત્રાબેનનો પીછો કરતો હતો અને તેની સાથે વાતચીત કરવા માટે સતત દબાણ કરતો હતો. આરોપી એવી ધમકી આપતો હતો કે જો તેણી તેની સાથે વાત નહીં કરે તો તે તેને સમાજમાં બદનામ કરી નાખશે.

આ ત્રાસથી બચવા માટે સુમિત્રાબેનનો પરિવાર છ મહિના પહેલા જ ગામમાં બીજી જગ્યાએ રહેવા ગયો હતો, તેમ છતાં આરોપીએ તેનો પીછો કરવાનું ચાલુ રાખ્યું હતું. ઘટનાના દિવસે એટલે કે 24 ડિસેમ્બરના રોજ સવારે, આરોપી રાહુલ ફરી એકવાર સુમિત્રાબેનના ઘરે જઈને બોલાચાલી કરવા લાગ્યો હતો. પરિવારજનો તેને પકડવા દોડ્યા પરંતુ તે ભાગી છૂટ્યો હતો.

આ સતત ચાલતા માનસિક ત્રાસ અને ધમકીઓથી કંટાળી જઈને સુમિત્રાબેને અંતે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ગંભીર હાલતમાં તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. મૃતક સુમિત્રાબેન ત્રણ સંતાનોની માતા હતી. તેમના પતિ ભવાઈના વ્યવસાય સાથે જોડાયેલા હોવાથી અવારનવાર 10-15 દિવસ માટે બહારગામ રહેતા હતા, જેનો ફાયદો ઉઠાવી આરોપી મહિલાને પજવણી કરતો હોવાનું સામે આવ્યું છે. પરિવારે પોલીસને જણાવ્યું કે આરોપીના દબાણને કારણે જ તેમની દીકરીએ આત્યંતિક પગલું ભર્યું છે. મહેમદાવાદ પોલીસે આ મામલે આરોપી રાહુલ ચીમનભાઈ ભવૈયા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

નડિયાદ શહેરમાં પ્લાસ્ટિક રાખતા વેપારીઓ દંડાયા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.30

નડિયાદ મનપા દ્વારા સ્વચ્છતા અભિયાન હેઠળ શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક રાખવા અને ગંદકી ફેલાવવા બદલ લોકોને દંડ ફટકારવામાં આવ્યો છે.

નડિયાદ મહાનગરપાલિકાના સેનેટરી વિભાગ દ્વારા ડિસેમ્બર 2025ના માસમાં શહેરના વિવિધ વોર્ડ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ દરમિયાન નડિયાદના જુદા જુદા વિસ્તારોની દુકાનોમાં તપાસ કરી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા અને જાહેર સ્થળો પર ગંદકી ફેલાવનારા એકમો સામે કડક વહીવટી કાર્યવાહી કરવામાં આવી હતી. પાલિકાની આ કામગીરીનો મુખ્ય હેતુ શહેરમાં સ્વચ્છતા જાળવી રાખવાનો અને પ્રતિબંધિત પ્લાસ્ટિકના વપરાશ પર અંકુશ લાવવાનો રહ્યો છે. મહિના દરમિયાન ચાલેલી આ કામગીરીમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના વેચાણ અને વપરાશ બદલ વહીવટી ચાર્જની વસૂલાત કરવામાં આવી હતી. આ ઉપરાંત જાહેરમાં કચરો નાખવા, જાહેર માર્ગો પર થૂંકવા, ઈમારતી ફીની વસૂલાત તેમજ નિયમ મુજબ ડસ્ટબીન ન રાખવા બદલ વિવિધ દુકાનદારો પાસેથી કુલ મળીને 1,14,000 ના દંડની વસૂલાત કરવામાં આવી છે. સેનેટરી ઈન્સ્પેક્ટરના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ તપાસમાં આશરે 225 કિલો જેટલું પ્રતિબંધિત પ્લાસ્ટિક પણ જપ્ત કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકાના તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આગામી સમયમાં પણ સ્વચ્છતા જાળવવાના ભાગરૂપે આ પ્રકારની કામગીરી સતત ચાલુ રાખવામાં આવશે.

ભારતીય સેનાની જાસુસી કેસમાં મહિલાના જામીન નામંજુર થયાં

સહ-આરોપીઓ અને આંતરરાષ્ટ્રીય કનેક્શન અંગે તપાસ ચાલી રહી છે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.30

ભારતીય સેનાની ગુપ્ત માહિતી પાકિસ્તાનને મોકલવાના હાઈપ્રોફાઈલ જાસૂસી કાંડમાં સંડોવાયેલ આરોપી મહિલા રાશમની પાલની નિયમિત જામીન અરજી નડિયાદ સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. મુખ્ય સરકારી વકીલની રાષ્ટ્ર સુરક્ષાને લગતી દલીલોને ગ્રાહ્ય રાખી અદાલતે જામીન આપવાનો ઈનકાર કર્યો છે.

ગુજરાત ATS દ્વારા ઓપરેશન હાથ ધરીને દેશની આંતરિક સુરક્ષા અને સેનાની ગુપ્ત માહિતી પાકિસ્તાની હેન્ડલર્સને પહોંચાડવાના મોટા નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. જેમાં આરોપી રાશમની પાલની સંડોવણી ખુલતા તેની ધરપકડ કરવામાં આવી હતી. તપાસમાં બહાર આવ્યું હતું કે, આરોપી મહિલા સોશિયલ મીડિયા પર નકલી ઓળખ ઉભી કરી ભારતીય સેનાના જવાનોને હનીટ્રેપમાં ફસાવતી હતી અને તેમની પાસેથી સંવેદનશીલ વિગતો મેળવી પાકિસ્તાની એજન્ટોને મોકલતી હતી. આ પ્રવૃત્તિ માટે તેને પાકિસ્તાન તરફથી નાણાકીય ભથ્થું પણ મળતું હોવાના પુરાવા મળી આવ્યા હતા. આ જામીન અરજીની સુનાવણી દરમિયાન મુખ્ય સરકારી વકીલ ધવલ આર. બારોટે ધારદાર દલીલો રજૂ કરતા જણાવ્યું હતું કે, આ ગુનો સીધો દેશની સુરક્ષા અને અખંડિતતા સાથે જોડાયેલો છે. આરોપીએ પ્રતિબંધિત અને ગુપ્ત માહિતી દુશ્મન દેશને પૂરી પાડીને રાષ્ટ્રદ્રોહ જેવું કૃત્ય કર્યું છે. આ કેસમાં ટેકનિકલ પુરાવાઓ અને નાણાકીય વ્યવહારોની કડીઓ સીધી રીતે આરોપી સાથે જોડાયેલી છે, ત્યારે જો આવા ગંભીર ગુનામાં આરોપીને જામીન આપવામાં આવે તો તપાસ પર વિપરીત અસર પડી શકે છે. અદાલતે સરકાર પક્ષની આ દલીલોને ગ્રાહ્ય રાખી, ગુનાની ગંભીરતા અને રાષ્ટ્રીય સુરક્ષાને સર્વોપરી ગણીને આરોપી મહિલાની જામીન અરજી ફગાવી દેવાનો હુકમ કર્યો છે. આ કેસમાં હજુ પણ અન્ય સહ-આરોપીઓ અને આંતરરાષ્ટ્રીય કનેક્શન અંગે ATS દ્વારા ઊંડી તપાસ ચલાવવામાં આવી રહી છે.

ચારુસેટ હોસ્પિટલમાં એઆઈ બેઝડ હીપ રીપ્લેસમેન્ટની સર્જરી કરાઇ

ચરોતરમાં પ્રથમવાર અત્યાધુનિક રોબોટિક ટેકનોલોજીનો ઉપયોગ કરાયો

(પ્રતિનિધિ) આણંદ તા.30

ચરોતરની જાણીતી ચારુસેટ હોસ્પિટલે તબીબી ક્ષેત્રે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. આ હોસ્પિટલમાં તાજેતરમાં કેનેડાની અત્યાધુનિક એઆઈ બેઝડ થ્રી ડી લાઈવ નેવિગેશન સિસ્ટમ 'ઈન્ટેલી જોઈન્ટ' દ્વારા એક દર્દીની સફળ હીપ રીપ્લેસમેન્ટ સર્જરી કરવામાં આવી છે. આ અદ્યતન રોબોટિક સિસ્ટમથી સર્જરી કરનાર આ હોસ્પિટલ ગુજરાતમાં બીજી અને સમગ્ર ભારતમાં 15મી સંસ્થા બની છે.,

મહેળાવના 47 વર્ષીય દર્દી અમિતભાઈ પટેલ છેલ્લા 4-5 વર્ષથી જમણા થાપાના દુખાવાથી પરેશાન હતા, જેના કારણે તેઓ અડધો કિલોમીટર પણ ચાલી શકતા ન હતા અને તેમનો પગ ટૂંકો પડી ગયો હતો. ચારુસેટ હોસ્પિટલના ઓર્થોપેડિક સર્જન અને સુપ્રિન્ટેન્ડન્ટ ડો. સમીર બાબરીયા તથા ડો. સંજય ચૌહાણ અને ઓ.ટી. ટીમે AI ટેકનિકની મદદથી આ સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. સર્જરી બાદ દર્દીના બંને પગનું લેવલ સરખું કરવામાં આવ્યું છે અને તેઓ બીજા જ દિવસથી દુખાવા વગર ચાલતા થઈ ગયા છે. ચારુસેટ હોસ્પિટલ દર્દીઓને શ્રેષ્ઠ પરિણામો આપવા માટે હંમેશા અદ્યતન ટેકનોલોજી અપનાવે છે. હોસ્પિટલમાં અત્યાધુનિક NICU/ICU, તમામ વિભાગોની સારવાર, હૃદયરોગના હુમલાથી બચવા માટે સીટી સ્કેન ફોર કેલ્શિયમ સ્કોર અને 24 કલાક સારવાર જેવી સુવિધાઓ કાર્યરત છે.

કેમેરા ફિટ કરી ઓપરેશન કરાયુ

આ નવી ટેકનોલોજી વિશે માહિતી આપતા ડો. સમીર બાબરીયાએ જણાવ્યું હતું કે, આ પદ્ધતિમાં દર્દીના સર્જરીના ભાગ પર કેમેરા ફિટ કરવામાં આવે છે, જેનાથી સર્જરી વધુ સચોટ બને છે. આ સિસ્ટમમાં મેનપાવર અને ઇન્સ્ટ્રુમેન્ટનો ઉપયોગ ઓછો થાય છે, જે દર્દી અને સર્જન બંને માટે ફાયદાકારક છે. સામાન્ય સર્જરીની સરખામણીએ આમાં દુખાવો ઓછો થાય છે અને કૃત્રિમ સાંધાનું આયુષ્ય વધે છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225